રાજકોટ કોર્પોરેશન સંચાલિત ૮૩ પ્રાથમિક શાળાઓ ચાલતી
મ.ભો.યોનું સંચાલન સ્ત્રી શક્તિ સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા )
કોન્ટ્રાકટની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮ /૦૭/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૫/૨૦૦૬ ઠરાવ ક્રમાંક:- મભય/૧૩૨૦૦૫/૫૧૮/આર,

(૨) શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧/આર,

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૬/૦૬/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૫૦૨૮-૨૯,

ઠરાવ –

૧/ ઉપરના વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક-(૨)ના ઠરાવથી રાજકોટ કોર્પોરેશન વિસ્તારની ૮૩ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન સ્ત્રી શક્તિ સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા )ને એક વર્ષ માટે સોપવામાં આવેલ હતું.જે કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટના હુકમથી સ્ત્રી શક્તિ સંસ્થા દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ૮૩ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન તા.૨૬/૬/૨૦૧૪થી શરૂ કરવામાં આવેલ છે. કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના ઉપર સંદર્ભ –(૩) તા.૦૬/૦૬/૧૫ના પત્રથી પ્રસ્તુત બાબતે તા.૨૬/૬/૨૦૧૫ થી તા.૨૫/૦૬/૧૮ સુધી લંબાવવાની દરખાસ્ત કરેલ,જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજકોટ કોર્પોરેશન વિસ્તારની ૮૩ પ્રાથમિક શાળાઓ ચાલતી મ.ભો.યોનું સંચાલન સ્ત્રી શક્તિ સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા )ને તા.૨૬/૬/૨૦૧૫ થી વધુ છ માસ માટે એટલે કે તા.૨૫/૧૨/૧૫ સુધી લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યામાં ૫ % વધારો થાય તે માટે કમીશ્નરશ્રી,મ્યુનીસિપલ કોર્પોરેશન અને સ્ત્રી શક્તિ સંસ્થા દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) લાભાર્થીઓની દરેક ત્રણ માસમાં તેમની ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માર્સ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.

(૪) કમી.મ.ભો.યો.એ આ સંસ્થાની કામગીરી બાબતે દર બે મહિને આકસ્મિક તપાસ કરાવીને તેનો અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.

(૫) છ માસ માટેની મુદત પૂર્ણ થયા બાદ પુન: સમીક્ષા કરીને કામગીરીમાં થયેલ સુધારો ધ્યાનમાં લઇ આખરી નિર્ણય લેવાનો રહેશે.

(૬) સંસ્થાના પ્રતિનિધિ/વહિવટી પ્રક્રિયાના જાણકારને કાયમી ધોરણે રાજકોટ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ૮૩ પ્રાથમિક શાળાઓ ચાલતી મ.ભો.યોનું સંચાલનના દેખરેખ માટે રાખવાના રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૦૬/૦૭/૨૦૧૫ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગર.
-- ચેરમેનશ્રી, “ સ્ત્રી શક્તિ “ સંસ્થા,પ્લોટ નં.૧૯૧/૨,આંબાવાડીયા,રાણીપુર ચર્ચની પાછળ,કલ્પના ફેબ્રીકેશન સામે, પોસ્ટ-શાહવાડી,નારોલ,અમદાવાદ-૩૮૨૪૦૫.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
--મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,રાજકોટ.
-- નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મ.ભો.યો.), રાજકોટ.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.